

## ડીસાના લોધવાસ રાજપુર વિસ્તારમાં ગંદકીથી લોકો ત્રાહીમામ....

ડીસા શહેરમાં ઠેરઠેર અનેક વિકાસલક્ષી કામો નગરપાલીકા દ્વારા હાથ ધરવામાંઆવી રહ્યા છે. ત્યારે નગરપાલીકાની નિ""ીયતાના કારણે ડીસા શહેરમાં અનેક વોર્ડોમાં ગંદકીનુ સામ્રાજય છવાયેલુ છે. તાજેતરમાં ડીસા ના વોર્ડ નંબર - ૨ના રહીશોએ પાલીકા "મુખની શાન ઠેકાણે લાવવા માટે ગંદકી, પાણી ,લાઈટ અને કચરા જેવી પરીસ્થિતીઓથી અમારો વોર્ડમાંથી ગંદકી દુર થાય તે માટે હવનનુ આયોજન કરવામાં આવ્યું હતું. અને પાલીકા "મુખને ગાંધી ચીધ્યા માર્ગે જવાની ચીમકી પણ ઉચ્ચારી હતી. આવી જ પરીસ્થિતી ડીસા લોધવાસ રાજપુર વિસ્તારમાં પણ જોવા મળી રહી છે. આજે આ વિસ્તારની અમારા સંવાદાતા હીતેશ રાજપુતે મુલાકાત લેતા આ વિસ્તાર ખુબ જ ગંદકીથી ખદબદતો જોવા મળ્યો હતો. અને તમામ ગટરોના પાણી રોડ ઉપર ધોળાયેલા જોવા મળ્યા હતા. અને મચ્ચછરોનો ઉપદ્રવ પણ વધુ જોવા મળ્યો હતો. આ ગટરના પાણી રસ્તાઓ પર આવવાથી રસ્તાઓ પણ લોક થઈ ગયા હતા. અને. લોકોને ભમીને જવાની ફરજ પડે છે. થોડા દિવસપહેલા વિપુલ શાહ આ વીસ્તારની મુલાકાત લઈ સ્થાનીકોને ગટરો બનાવી આપવાની હૈયા ધારણા આપી જતા રહ્યા હતા. ત્યાર બાદ આજ દીન સુધી આ વિસ્તારની પાલીકા દ્વારા કોઈ પણ જાતની સફાઈ તેમજ આ વિસ્તારની સાર સંભાળ લેવાઈ નથી. આ ગટરો નુ સમારકામ તાત્કાલીક ધોરણે નહી કરવામાં આવે તો આ વિસ્તારમાં રોગચાળો ફાટી નીકળશે અને બાળકો બીમાર થશે તેની જવાબદારી કોણ લેશે?

# મહિનાઓ વિત્યા છતાં ખેડબ્રહ્મા યુવાનના હત્યારાઓનો કોઈ જ પત્તો નથી

હિંમતનગર, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાના ધનસુરા પાસેના બુટાલ નજીક રોડ સાઈડેથી એક મહિના અગાઉ ખેડબ્રહ્મા તાલુકાના યુવાનની હત્યા કરાયેલો મૃતદેહ મળી આવ્યો હતો. આ અંગે ધનસુરા પોલીસ મથકે હત્યાનો ગુનો પણ નોંધાયલ છે પરંતુ હજુ સુધી હત્યામાં પોલીસ હત્યારાને પકડી શક્યું નથી. તે સંદર્ભે શુક્રવારના રોજ જિલ્લા મથક હિંમતનગર ખાતે જિલ્લા પોલીસ વડાને સમાજ અને ગામના લોકો સહિત મહિલાઓ મોટી સંખ્યામાં આવેદનપત્ર આપ્યું હતું.

સાબરકાંઠા જિલ્લા પોલીસ વડાને આપેલા આવેદનપત્રમાં જણાવ્યા મુજબ ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામના ભીખાભાઈ રેવાભાઈ પટેલનો પરણીત પુત્ર અલ્પેશ છેલ્લા બે વર્ષથી હિંમતનગરમાં આવેલ એન.ડી. કન્સ્ટ્રકશનમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરતો હતો. જેની સાઈડ ધનસુરામાં ચાલતી હતી. દરમિયાન ૨૬મી જુનના રોજ અલ્પેશ પટેલની નિર્મમ હત્યા કરાયેલો મૃતદેહ ધનસુરા નજીક આવેલા બુટાલ ગામ પાસેથી મળી આવ્યો હતો. જે બનાવ અંગે ધનસુરા પોલીસમથકે ૨૯ જૂનના રોજ દલજીભાઈ રેવાભાઈ પટેલે હત્યાની ફરિયાદ નોંધાવી હતી. પરંતુ ૨૫ દિવસ બાદ આજ દિન સુધી પોલીસ તપાસ નિષ્ક્રિય હોવાને કારણે કોઈ હત્યારો પકડાયો નથી. જેથી તેમના પરિવારજનો અને સાબરકાંઠા ચૌધરી સમાજ દ્વારા પોલીસની ધીમી કામગીરી સામે વ્યાપક રોષ ઉઠવા પામ્યો હતો. દરમિયાન સાબરકાંઠા જિલ્લા આંજણા સમાજની ૧૯મી જુલાઈના રોજ લક્ષ્મીપુરા ખાતે એક મીટીંગ મળી હતી. તેમાં અલ્પેશના હત્યારાને તાત્કાલીક પકડવામાં નહિ આવે તો ના છુટકે ગાંધી ચીંધ્યા માર્ગે સત્યાગ્રહ કરવાની ફરજ પડશે. છેક સુધી લડત લડી લેવા માટેનો ૧૦,૦૦૦ હજાર સહીઓ સાથેનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. જે સંદર્ભે શુક્રવારના રોજ બપોરે લક્ષ્મીપુરા ગામના મૃતક અલ્પેશ પટેલના પરિવાર જનો ગામના લોકો અને સમાજના આગેવાનો મહિલાઓ સાથે મોટી સંખ્યામાં હિંમતનગર જિલ્લા પોલીસ વડાની કચેરીએ જિલ્લા પોલીસ વડાને આવેદન આપવા આવ્યા હતા અને પી.આઈ. ડી.પી. ચુડાસમાએ આવેદન પત્ર સ્વીકારી યોગ્ય કાર્યવાહી કરવા ખાતરી પણ આપી હતી.

## ખેડબ્રહ્મા એસ.ટી. બસ સ્ટોપમાં દારૂડિયાઓનો ત્રાસ

લક્ષ્મીપુરા, તા.૨૦

ખેડબ્રહ્મા તાલુકામાં આવેલ ખેડબ્રહ્મા એસ.ટી. બસ સ્ટોપમાં ગત રોજ ૨૨ જેટલા મહિલા અને પુરૂષો દારૂ પીધેલી હાલતમાં આવી અને બસ સ્ટોપમાં ભારે ધમાચકડી મચાવતા અને તેમના બેફામ વર્તનથી મુસાફરો ભારે પરેશાન થઈ ગયા હતા ત્યારે ડેપો મેનેજર આ તમામ બાબતે મૌન ધારણ કરી તમાશો નિહાળી રહ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્મા તાલુકાના એસ.ટી. ડેપોમાં રોજ ૪૦૦ થી ૫૦૦ મુસાફરો અવર-જવર કરે છે. જેમાં ધંધા રોજગાર અર્થે જતા લોકો અને અભ્યાસ અર્થે જતા છોકરા-છોકરીઓનો સમાવેશ થાય છે ત્યારે છેલ્લા ઘણા સમયથી ખેડબ્રહ્મા ડેપોને અસામાજીક તત્ત્વોએ પોતાનો અડ્ડો બનાવી દીધો છે અને આવતા-જતા મુસાફરોને નશામાં ધૂત બની હેરાન પરેશાન કરી રહ્યા છે અને નશામાં ધૂત થઈ જાહેરમાં ગાળો ભાંડે છે તેવી ફરિયાદ ઉઠવા પામી છે. આમ સમગ્ર મામલે બસ ડેપોના મેનેજર પણ ચૂપચાપ તમાસો જોઈ રહ્યા છે તેવી ચર્ચા પણ થઈ રહી છે. ડેપોમાં આવતા આવા નશાખોરો અને અસામાજીક તત્વોની ઉપર પોલીસ તંત્ર કાર્યવાહી કરે તેવી લોકો માંગ કરી રહ્યા છે.



## ડીસાના રાજપુર વીસ્તારમાં જોખમી ડી.પી.થી સ્થાનીક રહીશો પરેશાન.....

ડીસાના લોધવાસ રાજપુર વિસ્તાર માં આવેલી ઉતર ગુજરાત વીજ કંપનીની ખુલ્લી ડી.પી.થી સ્થાનીક રહીશોમાં ભયનુ વાતાવરણ છવાયુ છે. આ ડી.પી.ના કારણે સ્થાનીક રહીશો દ્વારા અનેકવાર જી.એ.બી.ને જાણ કરવા છતા આજ દિન સુધી કોઈ જ પગલા લેવામાં આવ્યા નથી. આ ડી.પી.ની બાજુમાં ખુલ્લા વાયરો લટકતા જોવા મળ્યા હતા. તેમજ બાવળી અને જાડ મોટા મોટા વધી ગયા છે. હાલમાં ચોમાસાની સીઝન હોવાથી આ ડી.પી.માંથી ગમે ત્યારે કંરટ જમીનમાં ઉતરે અને કોઈ પણ નો ભોગ લે તે પહેલા જી.ઈ.બી દ્વારા તાત્કાલીક ધોરણે આ ડી.પી.ની આજુબાજુ બોર્ડર કરવામાં આવે અથવા આ ડી.પી.ને અન્ય બીજી જગ્યામાં ખસેડવામાં આવે તેવી સ્થાનીક રહીશોની માંગ છે.

## મોડાસાની સર્વોદય સહકારી બેંકના ડિરેકટરોની વરણી

મોડાસા, તા.૨૦

મોડાસામાં આવેલી ધી સર્વોદય સહકારી બેંક લી.ની વાર્ષિક બેઠક તાજેતરમાં મળી હતી જેમાં નવા ડિરેકટરોની બિન હરીફ વરણી કરવામાં આવી હતી અને સર્વે સભાસદોએ તેમને વધાવી લીધા હતા.

મોડાસાની ધી સર્વોદય સહકારી બેન્ક લી.ની દર વર્ષની જેમ આ વર્ષે પણ જેઓની મુદત પૂર્ણ થતી હતી તે માટે બેંકના બંધારણ મુજબ ચૂંટણી યોજવી અનિવાર્ય હતી પરંતુ ડિરેકટરો તથા ચેરમેનની પ્રામાણિક, કુશળ, નિષ્પક્ષ તેમજ નિષ્ઠાવાન કામગીરીને કેન્દ્રબિંદુએ રાખતા આ વર્ષે યોજાનારી ચૂંટણી માટે કોઈ ફોર્મ ના ભરાતા ચૂંટણી અધિકારીએ ઈકબાલ હુસેન જી. ઈપ્રોલીયા, મો. યાસીન ગુલામ હુસેન કાજી, ઈબ્રાહીમ ઈકબાલભાઈ દાઉદભાઈ ભૂરા તથા મો. યુસુફજી ખાલકની બિન હરિફ વરણી કરવામાં આવી હતી. જેને સર્વે સભાસદોએ આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

# આજે મહેસાણા ખાતે ગાંધીનગર અને મહેસાણા જિલ્લાના અધિકારીઓની બેઠક યોજાઈ

મહેસાણા, તા. ૨૦

વિધાનસભાની આગામી સામાન્ય ચૂંટણીના સંદર્ભમાં જુદા જુદા ૧૮ બાબતો તેમજ પોલીસ અધિક્ષકશ્રીને સંબંધિત કેટલાક મુદ્દાઓની સમીક્ષા માટે આજ રોજ રાજયના મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી અનિતા કરવલના અધ્યક્ષ સ્થાને ગાંધીનગર અને મહેસાણા જિલ્લાના અધિકારીશ્રીઓની એક બેઠક મળી હતી.

આ બેઠકમાં ગાંધીનગર જિલ્લા પોલીસ વડા શ્રી અર્ચના શિવહરે અને મહેસાણા જિલ્લા પોલીસ વડા શ્રી જે.આર. મોથલીયા દ્વારા પોતાના જિલ્લાના પોલીસ કર્મીઓની માહિતી, વિસ્તારની રૂપરેખા, સંવેદનશીલ વિસ્તારની માહિતી, પોલીસ અધિકારીશ્રીઓની તાલીમની વ્યવસ્થા અંગેના આયોજન, જિલ્લાના પ્રવેશ દ્વારા નજીક કરવામાં આવનાર નામબંધીની માહિતી, શાંતિમય મહોલમાં ચૂંટણી યોજાય તે માટે કરેલા સુચારૂ આયોજન અંગેનું એક પ્રેઝન્ટેશન રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી શ્રી અનિતા કરવલ સમક્ષ રજુ કર્યું હતું.

ગાંધીનગર જિલ્લા કલેક્ટર શ્રી પી. સ્વરૂપ અને મહેસાણા જિલ્લા કલેક્ટરશ્રી રાજકુમાર બેનીવાલે મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીને જિલ્લાના મતદારો અંગેની, સંવેદનશીલ વિસ્તારની માહિતી, તેમજ ચૂંટણીની કામગીરીની સુચારૂ વ્યવસ્થા કરવા નિમાયેલ વિવિધ ટીમો વિશેની માહિતી પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું.

આ બેઠકમાં ઉપસ્થિત ગાંધીનગર અને મહેસાણા જિલ્લાના અધિકારીશ્રીઓને મુખ્ય નિર્વાચન અધિકારી શ્રી અનિતા કરવલ દ્વારા પારદર્શક રીતે અને શાંતિમય માહોલમાં ચૂંટણી યોજાય તે માટેના જરૂરી સુચનો કર્યા હતા. બન્ને જિલ્લાના કલેકટરશ્રીઓ અને જિલ્લા પોલીસ વડાશ્રીઓને તેમને ખાસ ધ્યાનમાં રાખવા જેવા મુદ્દાઓથી વાકેફ કર્યા હતા. તે ઉપરાંત ઈવીએમ મશીનના રૂમ આગળ કેવા પ્રકારની વ્યવસ્થા રાખવી, પોલીસ અધિકારીશ્રીઓ અને કર્મચારીઓને આપવાની બે પ્રકારની તાલીમની આશિંક વિગતો આપી હતી.

આ બેઠકમાં નાયબ મુખ્ય નિર્વાચન અધિકારી શ્રી માણેક, અધિક નિર્વાચન અધિકારી શ્રી મુરલી ક્રિશ્ન અને સંજીવકુમાર, ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ.એ. ગાંધી, મહેસાણા જિલ્લા વિકાસ શ્રી સહિત ગાંધીનગર અને મહેસાણા જિલ્લાના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.


**ગાંધીનગર સમાચાર**

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

**સાબરકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩<br>૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |
| વિઠ્ઠલભાઈ સુથાર | લક્ષ્મીપુરા | ૯૪૦૮૧૨૫૧૧૫ |
| રમેશચંદ્ર ચોક્સી | શામળાદી | ૯૪૨૭૫૨૮૯૪૧ |

**મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| ગણપતભાઈ જોષી | પાલનપુર (બ્યૂરો ચીફ,બ.કાં.) | ૯૩૭૫૦ ૭૬૦૬૧ |
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા (બ્યૂરો ચીફ) | ૯૯૭૯૪ ૦૨૫૩૩ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |




તલોદ નગરપાલિકાના નિવૃત્ત થતા ૬ કર્મચારીઓને વિદાય આપવાનો એક સમારોહ પાલિકા પ્રમુખ દક્ષાબહેન પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ ગયો. નિવૃત્ત થતા ૮ કર્મચારીઓને શાલ ઓઢાડી, શ્રીફળ તથા મોમેન્ટો અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું હતું. કર્મચારીઓની દાયકાઓ સુધીની ફરજને બિરદાવી તેઓનું શેષ જીવન સુખ, સંતોષ અને શાંતિથી હર્યુંભર્યું રહે તેવી શુભકામનાઓ તમામ પદાધિકારીઓએ, અધિકારીઓએ તથા કર્મચારીઓએ પાઠવી હતી. નિવૃત્ત થતા કર્મચારીઓએ સન્માનનો પ્રતિભાવ આપીને સર્વેના મળેલા સાથ-સહકારને બિરદાવ્યો હતો. (જીતુ ત્રિવેદી, તલોદ)

# ધોરવાડા ગામે તસ્કરો ત્રાટકયા : બે મંદિર અને એક મકાનનું તાળું તોડી ૨૫ હજારથી વધુની મત્તાની ચોરી કરી લઈ ગયા

હિંમતનગર, તા.૨૦

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ધોરવાડા ગામે ગત રાત્રીના તસ્કરોએ ત્રાટકી બે મંદિર અને એક મકાનનું તાળું તોડી ૨૫ હજારથી વધુની મત્તાની ચોરી કરી લઈ જઈ એક વૃદ્ધ મહિલા પર હથિયાર વડે હુમલો કરી ઈજાઓ કરી નાસી જતા હિંમતનગર ગ્રામ્ય પોલીસ મથકે ગામના અરવિંદસિંહ દીપસિંહ રહેવરએ ફરિયાદ નોંધાવી હતી.

મળતી વિગત મુજબ હિંમતનગર તાલુકાના ધોરવાડા ગામે ગુરુવારની રાત્રીના સમયે તસ્કરોએ ત્રાટકી ગામમાં આવેલ હરસિદ્ધ માતાજી અને સાંઈ મંદિરના દરવાજાના નકુચા તોડી પ્રવેશ કરી અંદરથી ચાંદીના ચેન સાથે ચાર છત્ર અંદાજે ૫૦૦ ગ્રામ વધુના કિંમત રૂ. ૨૦ હજાર, એક સીડી પ્લેયર રૂ. ૨૦૦૦ હજારનું ચોરી કર્યા બાદ મંદિર પાછળ ખેતરમાં આવેલ રણમલસિંહ લક્ષ્મણસિંહ રહેવરના મકાનમાં પાછળનો દરવાજો તોડી અંદર પ્રવેશ કરી રોકડા રૂ. ૩૦૦૦, ત્રણ મોબાઈલ કિંમત રૂ. ૧૫૦૦ના અને ત્રણ સુટકેસો લેવા જતા અંદર સુઈ રહેલ ૬૫ વર્ષીય હિંમતબા લક્ષ્મણસિંહ રહેવર અવાજ થતા જાગી ગયેલા જેમણે બુમાબુમ કરતા તસ્કરોએ પોતાના હાથમાંનું કોઈ હથિયાર હિંમતબાના મોઢાના ભાગે માર્યું હતું. જેથી હિંમતબા ઘાયલ થઈ ગયા હતા. દરમિયાન ઘર બહાર સુઈ રહેલ રણમલસિંહ દોડતા આવતા તસ્કરો કુલ રૂ. ૨૬ હજાર ૫૦૦ની મત્તા લઈ નાસી ગયા હતા. બીજી તરફ હિંમતનગર ઘાયલ હિંમતબાને તાત્કાલિક સારવાર માટે હિંમતનગર સિવિલમાં લાવ્યા હતા અને આ અંગે હિંમતનગર ગ્રામ્ય પોલીસ મથકે ફરિયાદ પણ નોંધાવી હતી

## ગુજરાત વણકર સમાજનો ૨૧ ઑકટોબરે જીવન સાથી પસંદગી મેળો

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત વણકર સેવા સમાજ આયોજિત ૧૭મા જીવનસાથી પસંદગી મેળાનું આયોજન તથા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન તા. ૨૧ ઓક્ટોબરના રોજ અમદાવાદ ટાઉન હોલમાં યોજાનાર છે.

જેથી લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના ફોર્મ તા. ૩૦ સપ્ટેમ્બર સુધી સ્વીકારાશે. તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માન અંગેનો કાર્યક્રમ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં ૮૫ ટકા, સ્નાતક કક્ષાએ ફસ્ટકલાસ, અનુસ્નાતકોએ નિયત નમુનામાં તા. ૩૦મી ઓગસ્ટ સુધીમાં અરજી કરવા જણાવેલ છે.

## NOTICE

Avatar Solar Pvt. Ltd. proposes to implement a 5 MW Solar Photovoltaic Power Plant at Gujarat Solar Park, Charanka Village, Santalpur Taluka, Patan District, Gujarat, India. A stakeholders meeting will be held at the project site on Sunday, 29th, July 2012 at 10-30 a.m. All stakeholders are requested to attend the meeting.

Saturday, 21st July 2012

S/D DIRECTOR, AVATAR SOLAR PVT. LTD.


ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન



ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES    APOLLO TYRES

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮



A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD    Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601